હસન અને હુસૈન રઝી અલ્લાહુ અન્હુમા બંને જન્નતમાં યુવાનોના સરદાર હશે

અબૂ સઇદ ખુદરી રઝી અલ્લાહુ અન્હુ રિવાયત છે, તેમણે કહ્યું: અલ્લાહના પયગંબર
સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «હસન અને હુસૈન રઝી અલ્લાહુ અન્હુમા બંને
જન્નતમાં યુવાનોના સરદાર હશે». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ તિર્મિઝિ રહિમહુલ્લાહ ઈમામ અહમદ રહિમહુલ્લાહએ પણ
રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જણાવ્યું કે હસન અને હુસૈન જે અલી બિન અબી તાલિબ અને ફાતિમા બિન્તે મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના દીકરાઓ છે, તે બંને જન્નતમાં જે લોકો યુવાનીની સ્થિતિમાં મૃત્યુ પામ્યા અને નેકી સાથે જન્નતમાં દાખલ થયા તેમના સરદાર હશે, અથવા તે બંને જન્નતના યુવાનોના સરદાર હશે, પયગંબરો અને ખુલફાએ રાશિદીન સિવાય.

http://www.sunnah.global/hadeeth/gu/show/11169